SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section
Main office,
First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by NAAC

**પરિપત્ર :–**

સંદર્ભ :– (૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર નં.સ્કો/યુનિ/૨૦૧૬–૧૭ /૧૦૨૬૨/૧૦૨૭૯ નો તા.૦૩–૦૮–૨૦૧૬ નો પત્ર
(૨) સંયુકત નિયામક, ટેકનીકલ શિક્ષણ, CTE/CS-Meeting/DBT/4005 નો પત્ર
(૩) અત્રેના વિભાગ ની તા.૧૧/૦૮/૨૦૧૬ ની નોંધમા પ્રાપ્ત કુલસચિવશ્રીના આદેશ

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત તમામ ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર ના આવેલ પત્રના સંદર્ભ (૧) અન્વયે સને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં સરકારી કોલેજો તથા યુનિવર્સિટીઓના સંશોધન શિષ્યવૃતિઓના નવા એવોર્ડ મંજુર કરવાની વિગતો માંગવામાં આવેલ છે. તો આ સંદર્ભ(૧) અને (૨) ના પરીપત્ર બાબતે દર્શાવેલ નિયત સમય મર્યાદામાં કાર્યવાહી કરવાની રહેશે.

(1) Higher Education Scholarship
(2) Research Scholarship
(3) Government College Student Scholarship
(4) Fellowship Scholarship
(5) Scholarship to economically backward students
(6) Primary and Secondary Scholarship

બિડાણ :– સંદર્ભ (૧)અને (૨)નો પત્ર

19-8-16
મદદનીશ કુલસચિવ

ક્રમાંક/પીજીટીઆર/3043/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૧૯/૦૮/૨૦૧૬
પ્રતિ,
(૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ
(૨) યુનિવર્સિટી માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ

<u>નકલ રવાના:–</u>
(૧)માન. કુલપતિશ્રીના / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
<u>નકલ રવાના:–</u>
(૨) ઓડિટ વિભાગ
(૩) હિસાબ વિભાગ
(૪) એકેડેમિક વિભાગ
(૫) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (વેબસાઈટ ઉપર " શિષ્યવૃતિ પ્રક્રિયા " શિર્ષક અંતર્ગત પ્રસિધ્ધ કરવા માટે)
(૬) પરીક્ષા વિભાગ
(૭) શારીરીક શિક્ષણ (પુછપરછ) વિભાગ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ
સામાન્ય વિભાગ
9 AUG 2016
ઈનવર્ડ નંબર 2584
વિભાગ

ક્રમાંક:રકો/ યુનિ/ ૨૦૧૬-૧૭/૧૦૨૬૨૭/૧૦૨૭૮
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડા□. જીવરાજ મહેતા ભવન,બ્લોક નં. ૧૨/૨,ગ.ઘ.
ગાંધીનગર
તા.૩૦/૦૭/૨૦૧૬
3/8/16 3/8/16

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન વિભાગ
10 AUG 2016
11034

પ્રતિ,
કુલ સચિવશ્રી,
યુનિવર્સિટી, તમામ

આચાર્યશ્રી,
સરકારી કોલેજો ,તમામ

વિષય :– સને. ૨૦૧૬-૧૭ ના વર્ષમાં સરકારી કોલેજો તથા યુનિવર્સિટીઓના સંશોધન શિષ્યવૃતિઓના નવા એવોર્ડ મંજૂર કરવા બાબત.

સંદર્ભઃ– ૧.શિ.વિ. ના તા. ૨૪–૧૨–૧૯૭૬ નો ઠ.ક્ર. એચસીએચ–૧૦૮૫–૪૪૮૯૭–૧
૨. શિ.વિ. ના તા. ૩–૭–૧૯૮૭ ના ઠ.ક્ર. એચસીએચ–૧૦૮૫–૪૪૮૯૭–છ–૧
૩. શિ.વિ. ના તા. ૮–૬–૧૯૯૦ ના ઠ.ક્ર. એચસીએચ–૧૦૮૫–૩૦૭૦–છ–૧

શ્રીમાન,

જયભારત સહ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત સરકાર શિ.વિ. ના તા. ૮–૬–૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક: એચસીએચ–૧૦૮૮–૩૦૭૦–છ–૧ અન્વયે ગુજરાત રાજયમાં આવેલ સરકારી વિજ્ઞાન કોલેજો અને યુનિવર્સિટીઓને માસિક રૂા.૧,૦૦૦/– લેખે કુલ (૨૬) મંજૂર કરવામાં આવેલ છે.મૂળ ઠરાવમાં સંઘાણે આપેલ અન્ય નિયમો યથાવત રહેશે.

સાત યુનિવર્સિટીઓ માટે યુનિ. દીઠ ૩ બેઠકો પ્રમાણે (૨૧) બેઠકો અને સરકારી કોલેજોમાં કુલ–૫ બેઠકો ફાળવવામાં આવ છે. જે મેરીટ પ્રમાણે મંજુર કરવામાં આવશે. પરંતુ કોલેજ દીઠ વધુમાં વધુ એક શિષ્યવૃતિ મંજુર કરવામાં આવશે.

૨૦૧૬-૧૭ ના વર્ષની સંશોધન શિષ્યવૃતિ તેના પ્રવર્તમાન નિયમો અનુસાર લાયકાતવાળા વિદ્યાર્થીઓની અરજીઓ મેરીટ ગુણવત્તાના આધારે ભલામણ કરી આ કચેરીને મોડામાં મોડી તા. ૩૦/૦૯/૨૦૧૬ સુધીમાં મોકલવા વિનંતી છે. ત્યારબાદ આવેલ દરખાસ્ત કોઈ પણ સંજોગોમાં મંજુર કરવામાં આવશે નહી.

ટીચર્સ ફેલોશીપ સંશોધ શિષ્યવૃતિ પ્રમાણે વિજ્ઞાનના વિષયો રસાયણશાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, વનસ્પતિશાત્ર,પ્રાણીશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને માઈક્રોબાયોલોજી માટે સંશોધન શિષ્યવૃતિ મળે છે. હયુમીનોઝ અન્ય શિક્ષણ શાખાઓના અભ્યાસ માટે તે આપવામાં આવતી નથી. આ અંગેના નિયમો અગાઉ મોકલવામાં આવે છે.

દરખાસ્ત મોકલાવતા પહેલા પ્રત્યેક અરજીપત્રકો ઉપર જણાવેલ દરેક વિષયો આવરી લેવાય તે રીતે પ્રત્યેક યુનિ. એ ત્રણ અરજીપત્રકો મેરીટક્રમ પ્રમાણે ગોઠવીને ભલામણ કરવી. જેથી કોઈ પણ વિષય રહી ગયેલ હોય તો અન્યાય થવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.

ઉમેદવારની ઉંમર ૨૫ વર્ષ કરતા વધુ ન હોવી જોઈએ. કૃષિ સંસ્થાઓમાં સંશોધન અંગેના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સંશોધન શિષ્યવૃતિમાં સમાવેશ કરવામાં આવતો નથી.

પ્રત્યેક અરજીમાં ભલામણ કરતા પહેલા મેરીટ ગુણવત્તાના ધોરણે ગોઠવીને ભલામણ કરવી એટલે પી.એચ.ડી. ના અભ્યાસ સંશોધન કાર્યમાં દાખલ થયા તારીખ જન્મ તારીખ, વર્ષ સામે અવશ્ય ખાસ સમય મર્યાદા પછી આવેલ અરજીપત્રોનો એવોર્ડમાં સમાવેશ કરવામાં આવશે નહી અને આ સઘળી જવાબદારી યુનિવર્સિટીના કુલસચિવશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

વર્ષમાં ૨૦૧૬-૧૭ માં જે વિદ્યાર્થીઓની સંશોધન શિષ્યવૃતિ તાજી કરાવવાની થતી હોય તેવા વિદ્યાર્થીઓના પ્રગતિ અહેવાલ માહિતી સાથે તેમજ સંશોધન અંગેના રીપોર્ટ સાથેની દરખાસ્ત આ કચેરીને તા. 30/0૯/૨૦૧૬ સુધીમાં અચુક મોકલી આપવી.

## PHD કરતાં વિદ્યાર્થીઓની વિગત દર્શાવતું પત્રક: વર્ષ: ૨૦૧૬-૧૭

| ક્રમ નંબર | વિદ્યાર્થી નું પુરું નામ | જન્મ તારીખ | હાલનું ધોરણ અભ્યાસ | છેલ્લી પરીક્ષા માં મેળવેલ ગુણ % | ધોરણ/ વિષય | ગત વર્ષે મંજુર થયેલ શિષ્યવૃત્તિની રકમ | ફ્રેશ | રીન્યુઅલ | બેંક એકાઉન્ટ નંબર | આધારકાર્ડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

### સ્કોલરશીપ ફોર્મ સાથે ઉપરોકત પત્રક મુજબ માહિતી આપવી

(એ.જે.શાહ)
કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,

- આચાર્યશ્રી, ગુજરાત કોલેજ, અમદાવાદ
- આચાર્યશ્રી એચ &એચ.બી. કોટક સાયન્સ કોલેજ, રાજકોટ
- આચાર્યશ્રી,એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, સુ. નગર
- આચાર્યશ્રી,આર.આર. લાલન કોલેજ, ભુજ
- આચાર્યશ્રી,બહાઉદ્દીન સાયન્સ કોલેજ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી,એમ.એન. કોલેજ, વિસનગર જી. મહેસાણા
- આચાર્યશ્રી, ડી.કે. વી. આર્ટસ, એન્ડ સાયન્સ કોલેજ, જી.જામનગર
- આચાર્યશ્રી,સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર
- કુલસચિવશ્રી,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- કુલસચિવશ્રી,દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ,સુરત
- કુલસચિવશ્રી,સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર
- કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ
- કુલસચિવશ્રી,ભાવનગર યુનિ. ભાવનગર
- કુલસચિવશ્રી,એમ.એસ. યુનિ. વડોદરા
- કુલસચિવશ્રી,ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.

નકલ રવાનાઃ
અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

જાવક ક્માંક : CTE/CS-Meeting/DBT/ 4005

તા.૫/૨/૨૦૧૬

<u>વિષય</u> : વિવિધ સરકારી યોજનાઓમાં Direct Benefit Transfer (DBT) લાગુ કરવા બાબત

<u>નોંધ</u>

વિવિધ સરકારી યોજનાઓમાં લાભાર્થીઓને તમામ પ્રકારની સહાયની ચૂકવણી તા.૧/૪/૨૦૧૬થી Direct Benefit Transfer (DBT) મારફતે કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ બાબતે જુદી જુદી યોજનાના લાભાર્થીઓનોં ડેટા ડીજીટાઇઝ્ડ કરીને લાભાર્થીના આધાર નંબર સાથે (seeding) જોડવાની કાર્યવાહીના status અંગે મુખ્ય સચિવશ્રીના સ્તરે તા.૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ તમામ વિભાગો સાથે રીવ્યુ બેઠક રાખેલ હતી. આ બેઠકમાં શિક્ષણ વિભાગ વતી કમિશનરશ્રી (ટેકનીકલ એજ્યુકેશન) હાજર રહેલ. મુખ્ય સચિવશ્રીએ શિક્ષણ વિભાગની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા sponsored જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓના ડેટાની સમીક્ષા કરી નીચે મુજબની કાર્યવાહી અગ્રતાના ધોરણે કરવા સુચના આપેલ છે.

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા સંચાલીત કોલેજ / યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની (૧) Scholarship for University/College student ની યોજના અને કમિશનરશ્રી, શાળાઓની કચેરી દ્વારા સંચાલીત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની (૧) National Scheme for Incentive to girls for secondary education અને (૨) National Means cum – Merit Scholarship સ્કોલરશીપ બાબતની એમ કુલ ૩ સ્કીમના અંદાજે ૪૫,૦૦૦ લાભાર્થીઓ તથા નોલેજ કોન્સોર્ટીયમ ઑફ ગુજરાત દ્વારા સંચાલીત માન. મુખ્યમંત્રી સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનાં અંદાજે ૧૧,૫૦૦ લાભાર્થીઓના ખાતામાં RTGS મારફતે તેઓના બેંક ખાતામાં સહાયની રકમ સીધેસીધી જમા થાય છે તેને લાભાર્થીઓના આધાર નંબર સાથે seeding ની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવા સુચના આપેલ છે.

ઉપરોક્ત લાભાર્થીઓ પૈકી આ યોજનાઓમાં જે લાભાર્થીઓના આધાર નંબર ઉપલબ્ધ છે તેની વિગતો તાત્કાલીક શિક્ષણ વિભાગ મારફતે નાણાં વિભાગને રજુ કરવા જણાવેલ છે.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા લાભાર્થીઓ માટેની ૨ યોજનાઓ (૧) Reimbursement of fees to students અને (૨) Financial assistance for books, uniform under RTE Act. માં અંદાજે ૪૩,૦૦૦ જેટલા લાભાર્થીઓને Direct Benefit Transfer હેઠળ આવરી લેવા પરત્વેની વિગતો સંદર્ભે મુખ્ય સચિવશ્રી દ્વારા લાભાર્થીઓ માટેની આ યોજનાઓ સહિતની તમામ યોજનાઓમાં તા.૧ એપ્રિલ, ૨૦૧૬ થી Direct Benefit Transfer મારફતે જ લાભાર્થીઓને બેંક એકાઉન્ટમાં સહાયની રકમ જમા કરવી ફરજિયાત થતી હોઇ આ અંગેની આનુષાંગિક કાર્યવાહી બનતી ત્વરાએ કરવા જણાવ્યું છે.

(3) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા લાભાર્થીઓ માટેની ૬ યોજનાઓ (૧) Higher Education Scholarship (૨) Research Scholarship (3) Government College student Scholarship (૪) Fellowship Scholarship (૫) Scholarship to economically backward students અને (૬) Primary and Secondary Scholarship ના અંદાજે ૪,000 લાભાર્થીઓને વર્ષ ૨૦૧૬-૧૭ થી Direct Benefit Transfer હેઠળ આવરી લેવા બાબતની વિગતો અન્વયે પણ તે અંગેની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવા માટે સુચના આપેલ છે.

લાભાર્થીઓ માટેની વિવિધ યોજનાઓનો ડેટા આધાર નંબર સાથે seeding કરવા બાબતની રીવ્યુ બેઠક આગામી ૧૦ દિવસમાં કેન્દ્ર સરકારના લેવલે યોજાવાની હોઇ સદરહુ બાબતને સર્વોચ્ચ અગ્રતા આપી જે યોજનાઓમાં લાભાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સહાયની રકમ Direct જમા થાય છે તે માટે જે લાભાર્થીઓના આધાર નંબર મેળવવાના બાકી છે તે તાત્કાલીક મેળવવા અને જે યોજનાઓમાં લાભાર્થીઓને Direct Benefit Transfer હેઠળ હજુ આવરી લેવાના બાકી છે તેઓને આવરી લેવાય તે માટેની કાર્યવાહી પણ તુરંત શરૂ કરવા મુખ્ય સચિવશ્રી દ્વારા સુચના આપવામાં આવી છે.

ઉક્ત કાર્યવાહી થવા બાબતે આજ્ઞાનુસાર વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

(પી.આર. દવે)
સંયુક્ત નિયામક, ટેકનીકલ શિક્ષણ

નકલ સવિનય રવાના પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) અગ્રસચિવશ્રી (ઊ. અને ટે. શિ,) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(3) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર
(૪) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ ની કચેરી, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર
(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર